એન સુલિવાન
હેલન કેલરની
શિક્ષિકા

એન સુલિવાન

હેલન કેલરની શિક્ષિકા

જ્યારે એન સુલિવાન નાની હતી ત્યારે એને ઓછું દેખાતું હતું. એને સરખું દેખાતું ન હતું એટલે એ બ્રેલ લિપિ શીખી. પછી ડોક્ટરની મદદથી એની આંખો સારી થઈ, અને એ જે પણ પુસ્તક મળતું એને ચોક્કસ વાંચતી. એન હેલન કેલરની શિક્ષિકા બની. હેલન જોઈ શકતી ન હતી અને બોલી-સાંભળી શકતી પણ ન હતી. હેલનને શીખવાડવાનું કામ બહુ મુશ્કેલ હતું. પણ એને એ કામ બહુ સારી રીતે કર્યું. મોટી થઈને હેલન કેલર બહુ કાબેલ મહિલા બની. એન સુલિવાન એક બહુ સારી શિક્ષિકા સાબિત થઈ.

ઘોડાગાડી એક જૂની ઇમારત પાસે આવીને ઉભી. એમાંથી બે બાળકો ઉતર્યા. એમાંથી એક હતી દસ વર્ષની એન સુલિવાન અને બીજો એનો છ વર્ષનો નાનો ભાઈ જિમી. એને ઘણીવાર એની આંખો ઝપકાવી, કારણકે રોશનીને લીધે એની આંખો દુઃખતી હતી. એ લગભગ આંધળી હતી. જિમી જોઈ શકતો હતો પણ એ લંગડો હતો.

"આપણે ક્યાં છીએ?" એને પૂછ્યું.

એ સ્થાન મેસાચુસેટ્સ, અમેરિકામાં ગરીબ બાળકોનું એક અનાથાશ્રમ હતું. એન અને જિમી ત્યાં રહેવા માટે આવ્યા હતા. એના પરિવારમાં એની દેખભાળ કરવાવાળું કોઈ જીવિત ન હતું.

એને કસીને જિમીનો હાથ પકડયો હતો. એ એને જવા નહોતી દેતી. એને એક નાના રૂમમાં લઈ જવામાં આવ્યા. જિમીએ એનને જણાવ્યું કે રૂમમાં એક ટેબલ, એક ખુરશી અને એક પલંગ હતા.

એ જમાનામાં ઘણા ગરીબ બાળકો આવા અનાથાશ્રમમાં રહેતા હતા. ત્યાં હંમેશા બધી ઉંમરના ગરીબ લોકોની ભીડ રહેતી હતી. ત્યાં થોડા વૃદ્ધ લોકો હતા. થોડા લોકો આંધળા કે લૂલા-લંગડા હતા.

જિમીની તબિયત પહેલેથી જ ખરાબ રહેતી હતી. અનાથાશ્રમમાં આવીને થોડા મહિનામાં જ એનું મૃત્યુ થઈ ગયું. ભાઈના મોત પછી એન બહુ રડી. હવે એ દુનિયામાં સાવ એકલી થઈ ગઈ હતી.

પણ અનાથાશ્રમના લોકોને એન પસંદ આવી. એ ઘણી ખુશમિજાજ અને ચાલાક હતી. એના વાળ કાળા હતા અને એ હંમેશા સ્મિત કરતી હતી. અનાથાશ્રમમાં એનના મિત્રોએ એને જણાવ્યું કે આંધળા બાળકો માટે અમેરિકામાં વિશેષ સ્કૂલો હતી. એનને ખબર હતી કે મોકો મળે તો એ સ્કૂલમાં જઈને જરૂર શીખી શકે.

એક દિવસ થોડા ખાસ મહેમાન અનાથાશ્રમમાં આવ્યા. એન દોડીને એની પાસે ગઈ અને વિશેષ સ્કૂલમાં જવાની એની ઈચ્છા વ્યક્ત કરી. એક માણસે એને મદદ કરવાની બાહેંધરી આપી. થોડા સમયમાં એનને બોસ્ટનની પર્કીન્સ ઇન્સ્ટિટ્યૂટમાં જવા માટે તૈયાર થવાનું કહેવામાં આવ્યું.

એનને પર્કીન્સ વિષે પહેલેથી જાણકારી હતી. એ અંધ બાળકો માટે એક પ્રખ્યાત સ્કૂલ હતી. ત્યાં લૌરા બ્રિજમેન નામની એક છોકરીને ડો. સેમ્યુઅલ ગ્રિડલે હોવે ભણાવી હતી. લૌરા જોઈ, સાંભળી કે બોલી શકતી ન હતી. એણે લોકોની હથેળીઓ પર આંગળીઓથી અક્ષરો કે શબ્દો લખીને એની સાથે વાતચીત કરવાનું શીખ્યું. પછી લોકો લૌરાની હથેળીમાં પોતાની આંગળી થી "ટેપ" કરીને એને ઉત્તર આપતા હતા. ડો. હોવેનું મૃત્યુ થઈ ગયું હતું, અને વૃદ્ધ લૌરા બ્રિજમેન હજી પર્કીન્સમાં રહેતી હતી.



પર્કીન્સ જતા એન બહુ ઉત્સાહિત હતી. બોસ્ટનની ટ્રેન યાત્રામાં એણે નવા કપડાં પહેર્યા હતા. એનો ડ્રેસ નાનો હતો અને એના કાળા બુટ પણ સાંકડા હતા. પણ એનને એ સમયે એ બધું બહુ બરાબર લાગી રહ્યું હતું. એ સમયે એ ચૌદ વર્ષની હતી. પાછલા ચાર વર્ષ એણે અનાથાશ્રમમાં વિતાવ્યા હતા. હવે એ અનાથાશ્રમ છોડવા માટે ખુશ હતી.

પર્કીન્સ ઇન્સ્ટિટ્યૂશનમાં જીવન સરળ ન હતું. ત્યાં મોટે ભાગે છોકરીઓ શ્રીમંત ઘરની હતી. અનાથાશ્રમમાંથી આવેલી એક ગરીબ છોકરી સાથે એ ધનવાન છોકરીઓ મિત્રતા કરવા ચાહતી ન હતી. એન એને જંગલી અને અસંસ્કારી લાગી.

શરૂઆતમાં એનને એની ઉંમરથી નાના બાળકોના ક્લાસમાં રાખવામાં આવી. પણ થોડા સમયમાં એન એની ઉંમરના બાળકો સાથે ભણવા લાગી. એ પછી એને સ્કૂલ ગમવા લાગી. એણે બ્રેલ શીખવા માટે ઘણી મહેનત કરી. બ્રેલ, પૃષ્ઠ પર ઉભરેલા બિંદુઓનું લખાણ છે જેને અડીને આંધળા બાળકો વાંચે છે.

બ્રેલ અક્ષરમાળા





થોડા સમય પછી એનને આંખના ઓપરેશન માટે હોસ્પિટલ મોકલવામાં આવી. ઓપરેશન પછી એન પહેલા કરતા વધારે સારી રીતે જોવા લાગી. થોડા સમયમાં એ એની આંખોથી અને આંગળીઓથી વાંચવા લાગી. એને જે પણ પુસ્તક મળતું, એને એ મોડી રાત સુધી વાંચતી હતી. હોસ્પિટલમાં ડોક્ટરોએ એનને સાવધાન રહેવા કહ્યું હતું. એની આંખો ક્યારેય સારી થાય એવું શક્ય ન હતું. પણ એન દુનિયા વિષે ઘણું જાણવા ચાહતી હતી! જ્યાં સુધી એની આંખો દુઃખવા ન લાગે ત્યાં સુધી એ વાંચતી રહેતી હતી!

વીસ વર્ષની આયુમાં એને પર્કિન્સ ઇન્સ્ટિટ્યૂટમાં થી સ્નાતકની ડિગ્રી મેળવી. એ એના ક્લાસમાં પહેલા નમ્બરે હતી. એની એક શિક્ષિકાએ એને માટે એક સફેદ વસ્ત્ર બનાવ્યું. એને એ વસ્ત્ર બહુ ગર્વથી પહેર્યું. જે દિવસે એને ડિગ્રી મળી એ દિવસ એનના જીવનનો સૌથી ખુશહાલ દિવસ હતો. પર્કિન્સ ઇન્સ્ટિટ્યૂટમાંથી પાસ થયા પછી એનને તરત એક નોકરીની ઓફર મળી.

અલાબામાના કપ્તાન અને મિસિસ કેલરને એની નાની દીકરી હેલન માટે એક શિક્ષિકાની તલાશ હતી. હેલન છ વર્ષની હતી. એ ન જોઈ શકતી હતી, ન સાંભળી શકતી હતી અને ન બોલી શકતી હતી. હેલન જન્મથી એવી ન હતી. પણ જયારે એ બે વર્ષની થઈ તો એક બીમારીમાં એની આંખની રોશની, સાંભળવાની અને બોલવાની શક્તિ જતી રહી. હવે હેલન એક અંધકારમય જીવન જીવી રહી હતી. કોઈ એની સાથે વાતચીત કરી શકતું ન હતું. એના માતા-પિતાને પણ હેલનના ભવિષ્ય વિષે કંઈ ખબર ન હતી.

હેલનના માતા-પિતા એને ડો. એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલ પાસે લઈ ગયા. એણે ટેલિફોનનો આવિષ્કાર કર્યો હતો અને એ બહેરાશ વિષે ઘણું જાણતા હતા.

ડો. એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલને હેલન ઘણી ચાલાક લાગી. એણે પર્કિન્સ ઇન્સ્ટિટ્યૂટનો સંપર્ક કરવાનું સૂચન કર્યું. કપ્તાન અને મિસિસ કેલરે એવું જ કર્યું અને થોડા સમયમાં એને એના પત્રનો ઉત્તર મળ્યો. એન સુલિવાન થોડા સમયમાં હેલનની શિક્ષિકા બનવા આવી રહી હતી.

એન સુલિવાનને એની નોકરી સારી લાગી. એ હજી જુવાન હતી. એનામાં હિમ્મત અને સાહસ હતા. આંધળા થવું કેવું હોય છે? એ વાતનો પણ અનુભવ હતો.

સૌથી પહેલા એને લૌરા બ્રિજમેન વિષે ડો. હોવેની નોંધ વાંચી. હેલનનો કેસ લૌરા બ્રિજમેન સાથે ઘણો મળતો હતો. એટલે એન એના વિષે બધું જાણવા ચાહતી હતી. એ પછી એન લૌરાને મળવા ગઈ. બંનેએ એક બીજાની હથેળી પર "ટેપ" કરીને વાતચીત કરી. વયસ્ક લૌરા બ્રિજમેને નાની હેલન કેલરમાં રુચિ દાખવી. એણે એન સાથે હેલન માટે એક ઢીંગલી મોકલાવી.

એક લાંબી યાત્રા પછી એન ટુસ્કુમ્બિયા, અલાબામા પહોંચી. એ ઘણી થાકી ગઈ હતી અને એને એનું ઘર યાદ આવી રહ્યું હતું. કોલસાના એન્જીનની રાખથી એની બંને આંખો લાલ થઈ ગઈ હતી. કપ્તાન અને મિસિસ કેલર સ્ટેશન પર એને લેવા આવ્યા. એ એનને જોઈને બહુ ખુશ થયા. એ પાછલા બે દિવસથી દરેક ટ્રેન પર એનની રાહ જોઈ રહ્યા હતા.

હેલન ઘરે જ રાહ જોઈ રહી હતી. એને એ વાતનો અહેસાસ હતો કે કંઈક જુદું થવાનું છે. હેલનને જોતા જ એન એની ઉદાસી અને દુઃખને સમજી ગઈ. એને આશા હતી કે એક દિવસ એ હેલનને એના અંધકારમય જીવનમાંથી જરૂર બહાર કાઢશે.

એન જલ્દી સમજી ગઈ કે કપ્તાન અને મિસિસ કેલરે હેલનને કોઈ પ્રકારની તાલીમ આપી ન હતી. આખો પરિવાર હેલનને દયાની દ્રષ્ટિથી જોતો હતો.

એ દરેક કામ હેલનને ખુશ કરવા માટે કરતા હતા. હેલન કોઈની પણ પ્લેટમાંથી ખાવાનું લઈને ખાતી હતી, મહેમાનોની પ્લેટમાંથી પણ. હેલનને જોઈને એનને દુઃખ થયું. એને નિર્ણય કર્યો - એ હેલન સાથે એક સાધારણ વ્યક્તિની જેમ વહેવાર કરશે.

પરિવાર સાથે પહેલા ભોજન વખતે એન, હેલન પાસે બેઠી. એણે હેલનને એના મોઢામાં ખાવાનું ઠાંસીને ભરતા રોકી. હેલનને આશ્ચર્ય થયું. હેલને ગુસ્સામાં એના પગ પટક્યા. એને પરિવારના બીજા સદસ્યોને રૂમની બહાર જવા કહ્યું. લોકોના ગયા પછી એને રૂમ બંધ કર્યો જેથી હેલન ભાગી ન જાય. હેલને દરવાજાને લાત મારી અને એ એનને મારવા માટે દોડી. એણે ચીસ પાડી અને જમીન પર આળોટવા લાગી. પણ એને હેલનને બળજબરીથી ખુરશીમાં બેસાડી અને એને એની પોતાની પ્લેટમાંથી ખાવાનું કહ્યું. ખાતી વખતે એણે હેલનને ચમચી અને નેપકીનનો ઉપયોગ કરતા શીખવ્યું. થોડા કલાક પછી જ હેલને એનનું કહ્યું માન્યું. ત્યાં સુધીમાં એન થાકીને લોથ થઈ ગઈ હતી. એ પછી એને હેલનને જવા દીધી. એન એના રૂમમાં ગઈ અને પલંગમાં ફસકાઈ પડી અને રડવા લાગી.

થોડા સમયમાં પછી એનને સારું લાગ્યું. એના મગજમાં એક વિચાર આવ્યો. સૌથી પહેલા એ હેલનને એના પરિવારથી અળગી કરશે. જયારે હેલન એન સાથે એકલી રહેશે ત્યારેજ એ એનની વાત માનવાનું શીખશે. બીજે દિવસે એને કપ્તાન અને મિસિસ કેલરને પૂછ્યું કે શું થોડા દિવસો માટે એ અને હેલન એકલા રહી શકે? કપ્તાન કેલરને એ વાત ગમી નહીં. એને એને સમજાવ્યા - હેલનને કાબુમાં લેવા માટે આ જ એક રસ્તો હતો. અંતે એ માની ગયા.

એન, હેલનને મોટા મકાનની પાસે જ સ્થિત એક નાના ઘરમાં લઈ ગઈ. શરૂઆતમાં એનની યોજના સફળ ન થઈ. હેલને એનને એને અડવાનો મોકો આપ્યો જ નહીં. જયારે રાતે એન હેલનને પથારીમાં સૂવડાવવા જતી, તો હેલન એની સાથે લડતી. અંતે થાકીને હેલન સૂઈ જતી. સવારે એન હેલનને પહેરવા માટે કપડાં આપતી, પણ હેલન કપડાં ફેંકી દેતી. હેલન જ્યાં સુધી કપડાં બદલતી નહીં ત્યાં સુધી એન એને નાસ્તો આપતી નહીં. આ ક્રમ ઘણા અઠવાડિયા સુધી ચાલુ રહ્યો.

હેલન બહુ બળવાન અને હઠીલી હતી. પણ એન એનાથી વધારે બળવાન અને એટલી જ હઠીલી હતી.

એક દિવસ સવારે કપ્તાન કેલર આવ્યા અને એણે બંનેને બારીમાંથી ડોકિયું કરીને જોયા. એણે હેલનને રાતના પોશાકમાં જમીન પર બેઠેલી જોઈ. એન સમજી ગઈ કે કપ્તાન કેલર એ જોઈને નારાજ થઈ જશે. એક નોકરે જણાવ્યું કે કપ્તાન એનને બોસ્ટન પાછી મોકલવાનું વિચારી રહ્યા હતા. પણ એન એની યોજના પર કાયમ રહી. એને ખબર હતી કે કંઈ પણ શીખવ્યા પહેલા હેલન એના નિયંત્રણમાં આવે એ જરૂરી હતું.

જયારે એન અને હેલન વચ્ચે સંઘર્ષ ચાલતું હતું, ત્યારે એન હેલનની હથેળી પર શબ્દો ટેપ કરતી હતી. હેલન એ શબ્દોને જલ્દી શીખી ગઈ. પણ હજી હેલનને એ ખબર ન હતી કે દરેક વસ્તુનું એક નામ હોય છે - અને દરેક નામ માટે એક અલગ શબ્દ હોય છે. એને એ પણ ખબર ન હતી કે શબ્દોથી વાક્યો બને છે.

અંતે હેલનના વ્યવહારમાં સુધારો થયો. એને એની ડાયરીમાં લખ્યું કે હેલન હવે અણસુધરેલી ન હતી. એન હવે હેલનને અડી શકતી હતી અને એને એના ખોળામાં બેસાડી શકતી હતી.

બે અઠવાડિયા એકલા રહ્યા પછી હેલન અને એન મોટા ઘરમાં પાછા ફર્યા. હેલનમાં થયેલું પરિવર્તન જોઈને કેલર દંપતી બહુ ખુશ થયું. હવે હેલન ચુપચાપ બેસીને એની ઢીંગલીઓ સાથે રમતી હતી. એને સમગ્ર પરિવારને આંગળીઓથી અક્ષર બનાવતા શીખવ્યું. હવે પરિવારના લોકો પણ હેલન સાથે વાતચીત કરી શકતા હતા.

વસંત આવી ગઈ હતી અને અલાબામાનું હવામાન બહુ સોહામણું થઈ ગયું હતું. એન અને હેલન હવે એનો મોટા ભાગનો સમય બહાર જ વિતાવતા હતા. એ ફાર્મના પાળેલા જાનવરોને જોવા જતા અને પછી કલાકો સુધી આસપાસ ના જંગલોમાં ફરતા હતા. એને હેલનને ઘણી વસ્તુઓને અડીને અને સૂંઘીને ઓળખતા શીખવ્યું. એ સમયે એન, હેલનની હથેળીઓ પર એ વસ્તુઓના નામ વારેવારે ટેપ કરતી હતી. ક્યારેક હેલન વસ્તુઓ અને એના નામમાં ગોટાળા કરતી હતી.

"મગ" અને "વોટર" (પાણી) ને લઈને હેલનના મગજમાં ગડમથલ હતી. એને સ્પષ્ટીકરણ માટે એક રસ્તો વિચાર્યો. એન હેલનને બહાર હેન્ડપંપ પાસે લઈ ગઈ. ત્યાં એણે હેલનના હાથમાં એક મગ આપ્યો અને પોતે પંપ ચલાવવા લાગી. નળનું ઠંડુ પાણી હેલનના હાથ પરથી છલકાવા લાગ્યું. આ જયારે થઈ રહ્યું હતું ત્યારે એને "વોટર" (પાણી) શબ્દ હેલનની હથેળી પર લખ્યો.

અચાનક હેલનનો ચહેરો બદલાઈ ગયો. એવું લાગ્યું જાણે પહેલી વાર એનો ચહેરો ખીલી ઉઠયો હતો. એણે પોતે ઘણી વાર "વોટર" (પાણી) લખ્યું. એણે પંપ અને જમીન તરફ ઈશારો કર્યો અને એના નામ પૂછ્યા. જલ્દીથી એ શબ્દોને એને હેલનની હથેળી પર લખી દીધા. હવે પહેલી વાર હેલન જે વસ્તુને અડતી કે સૂંઘતી, તો એ વસ્તુનું નામ પણ જાણવા ઉત્સુક થઈ જતી. હેલને થોડા સમયમાં 30 નવા શબ્દો શીખી લીધા. એ જોઈને એન અતિ આનંદિત થઈ ગઈ. એનને વિશ્વાસ બેઠો કે હવે એણે હેલનના અંધકારમય જીવનમાં પ્રવેશ કર્યો હતો. એણે હેલનને એની આસપાસની દુનિયાને સમજવા માટે એક જાદુઈ ચાવી આપી હતી - ભાષાની ચાવી.

પછી હેલને એનને એનું નામ પૂછ્યું. એને હથેળી પર લખ્યું "ટીચર". એ પછી હેલન માટે હંમેશા એનનું એ જ નામ રહ્યું.

એ રાતે હેલને એનને આલિંગન આપ્યું અને ચુંબન કર્યું. એનનું હૃદય ખુશીથી ભરાઈ ગયું. એને ખબર હતી કે હેલન એને બહુ પ્રેમ કરે છે. એને એ પણ નિર્ણય કર્યો કે એ એનું આખું જીવન હેલનની મદદ કરશે.

એનની નોકરીનું પહેલું ચરણ પૂરું થઈ ગયું હતું. એને હેલનને ઘણા વર્ષો ઘરે જ ભણાવી. હેલન બહુ ચાલાક હતી અને એ શીખવા માટે બહુ ઉત્સુક હતી. એનને સમજાઈ ગયું હતું કે હેલન એના જીવનમાં ઘણી આગળ નીકળી શકે તેમ હતી.

એનને એ પણ ખબર હતી કે અન્ય લોકો હેલનને બીજું ઘણું વધારે શીખવી શકતા હતા. એણે કેલર પરિવાર પાસે હેલનને પર્કિન્સ ઇન્સ્ટિટ્યૂટ લઈ જવાની અનુમતિ માંગી. અત્યાર સુધીમાં કેલર પરિવારને એન પર સંપૂર્ણ વિશ્વાસ બેસી ગયો હતો. એણે એનને તરત સંમતિ આપી.

પર્કિન્સમાં એન હંમેશા હેલન સાથે રહેતી હતી અને એને કંઈક નવું-નવું શીખવાડતી હતી. એણે હેલનને બીજા લોકો સાથે બોલવાનું અને એની વાત સાંભળવાનું પણ શીખવ્યું. એ માટે હેલન, બોલવાવાળાના હોઠ, નાક અને ગળા પર હાથ રાખતી હતી. એ ધ્વનિના કંપન અનુભવતી હતી અને એનાથી લોકોની વાતો સમજતી હતી.

હેલન કેલરની પ્રસિદ્ધિમાં એનનો બહુ મોટો ફાળો હતો. આખી દુનિયાએ હેલન કેલર વિષે સાંભળ્યું. ઘણા એને મળવા માટે આવ્યા. એનને પણ ઘણી નવી નોકરીઓના પ્રસ્તાવ આવ્યા. પણ એને હેલનનો સાથ ક્યારેય છોડયો નહીં. થોડા સમય પછી કપ્તાન કેલરનું મૃત્યુ થઈ ગયું. ત્યાર બાદ મિસિસ કેલરે એની દીકરી હેલનની સંપૂર્ણ જવાબદારી એન પર છોડી દીધી.

એને હેલનને કોલેજ જવામાં મદદ કરી. એ હેલન સાથે દરેક કલાસમાં બેસતી. એનને પણ હેલનના બધા વિષયો ભણવા પડતા હતા. વાંચતા-વાંચતા ઘણી વાર એનની આંખો દુખવા લાગતી હતી. જે દિવસે હેલનને સ્નાતકની ડિગ્રી મળી એ દિવસે એન પણ હેલનની સાથે સ્ટેજ પર ગઈ. એનને એના છાત્ર પર ગર્વ હતો. હેલન હવે એક સુંદર અને શિક્ષિત યુવતી હતી.

હેલનને પદવી મળ્યા પછીના વર્ષો એન માટે બહુ સુખદ હતા. એન અને હેલને એક મોટું ઘર ખરીદ્યુ અને એ બંને સાથે રહ્યા. એના ઘણા મિત્રો હતા. એનને રાંધવાનું અને લોકોને ઘરે બોલાવવાનું બહુ ગમતું હતું.

એને એક લેખક - જોન મેસી - સાથે લગ્ન કર્યા. લગ્ન પહેલા એને એ પાકું કર્યું કે હેલન હંમેશા એની સાથે રહેશે. હેલને જયારે એનું પહેલું પુસ્તક ધ સ્ટોરી ઓફ માય લાઈફ (મારા જીવનની કહાણી) લખ્યું તો જોન અને એને હેલનની ઘણી મદદ કરી. એ દુનિયાના સૌથી લોકપ્રિય પુસ્તકોમાંનું એક છે.



એને ઘણી મહેનત કરી. એ હેલનના બધા લેખો અને નિબંધોને વાંચીને એને સુધારતી હતી. જયારે હેલન યાત્રાએ જતી તો એન હંમેશા એની સાથે જતી. ત્યાં એ લોકોને હેલનની વાત સમજાવતી. સાથે એન પર ઘર ચલાવવાની પણ પૂરી જવાબદારી હતી. એક વાર એન માંદી પડી અને એને હોસ્પિટલમાં દાખલ થવું પડયું. એની આંખોમાં ઘણી તકલીફ હતી. પછી જોન મેસી ચાલ્યો ગયો. એના ગયા પછી એમણે મોટું ઘર વેચી દીધું અને એ એક નાના ઘરમાં રહેવા લાગ્યા. એન અને હેલને ક્યારેય પૈસા બચાવ્યા ન હતા. એ એની કમાઈ ગરીબોને દાનમાં આપી દેતા હતા. એ હંમેશા અમેરિકન ફાઉન્ડેશન ઓફ ધ બ્લાઇન્ડ ની મદદ કરતા હતા. હેલને એના પુસ્તકની બધી રોયલ્ટી (સ્વામિત્વના પૈસા) પ્રથમ મહાયુદ્ધમાં આંધળા થયેલા સૈનિકોને આપી દીધી હતી.

યુદ્ધ પૂરું થયા પછી એન અને હેલન હોલિવૂડ ચાલ્યા ગયા. ત્યાં હેલન કેલરના જીવન પર એક ચલચિત્ર બન્યું. એ પછી બંનેને ઘણા શહેરોમાં લેક્ચર અને શો કરવા માટે આમંત્રિત કરવામાં આવ્યા. શો ઘણા સફળ થયા અને એમાં એને ઘણું ધન પણ મળ્યું. હવે એન અને હેલન આરામથી એનું જીવન જીવી શકતા હતા. પણ હવે દિવસે-ને દિવસે એનની આંખોની રોશની ઓછી થતી જતી હતી. એને હેલનનું બીજું પુસ્તક પૂરું કરવામાં પણ એની મદદ કરી. એ પછી એન એની આંખોનો ઉપયોગ કરી ન શકી.

પણ હવે પોલી થોમ્સન એને મદદ કરવા આવી ગઈ હતી. પોલી સ્કોટલેન્ડમાં રહેવાવાળી એક હસમુખી યુવતી હતી. એણે એન અને હેલન સાથે રહેવાનું શરુ કરી દીધું. એને પોલીને હેલન સાથે કામ કરવાનું શીખવ્યું.

એના જીવનના આખરી સમયમાં એનને ઘણા પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવી. એને હેલન કેલર સાથે પચાસથી વધારે વર્ષો વિતાવ્યા હતા. થોડા લોકોનું માનવું હતું કે હેલનનું એન વગર કામ થઈ શકે એમ ન હતું. પણ એનને એવું જરાય લાગતું ન હતું. હેલનને પણ એ વાતની ખબર હતી. એના "ટીચર" ના મૃત્યુ પછી પણ હેલન કેલરે ઘણા ઉપયોગી વર્ષો વિતાવ્યા. એન સુલિવાને હેલન કેલરને બહુ સારી રીતે શીખવ્યું હતું.

સમાપ્ત